# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ઇ-ટેન્ડર નંબર – ૫૬ / બંધ બોડીના લોડીંગ વાહનો / ૨૦૨૧-૨૨

### ઇ-ટેન્ડરનું નામ : બંધ બોડીના લોડીંગ વાહનો ભાડેથી મેળવવા અંગેનું ટેન્ડર

**ટેન્ડર ફી રૂ.૫૦૦૦/-**

**EMD રૂ.૧,૬૫,૦૦૦/-**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ઓનલાઇન ડાઉનલોડ કરવાની તારીખ / સમય | તા. ૨૩/૧૧/૨૦૨૦ થી તા.૧૪/૧૨/૨૦૨૦ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| ૨ | ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ રજુ કરવાની છેલ્લી તારીખ / સમય | તા.૧૫/૧૨/૨૦૨૦ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ખોલવાની તારીખ / સમય | તા.૧૬/૧૨/૨૦૨૦ સમય ૧૧.૦૦ કલાક |

## સ્કોપ ઓફ વર્ક

રાજ્ય કક્ષાએથી અથવા બોર્ડ દ્વારા ગાંધીનગર, વડોદરા, નવસારી, રાજકોટ ખાતેથી રાજ્યમાં આવેલા જીલ્લા મથકોએ ઝોન કચેરી સુધી પ્રશ્નપત્રો પહોચાડવા, લખેલી ઉતરવહીઓ બોર્ડ દ્વારા નક્કી કરેલ જુદા જુદા પાલા કેન્દ્રો પરથી મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રો સુધી પહોંચાડવા માટે તથા મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રોમાં લખેલી ઉતરવહી ચકાસણી થયા પછી સંગણક કેન્દ્ર ખાતે પહોંચાડવા માટે જ્યારે પણ બોર્ડ તરફથી ટેલીફોનિક સુચના મળે ત્યારે બંધ બોડીના લોડીંગ વાહનની વ્યવસ્થા કરી એક કલાકમાં મોકલવાના રહેશે. આ અંગે આગોતરુ આયોજન ઇજારદારશ્રીએ કરવાનું રહેશે.

**ટેન્ડરની શરતો-**

1. કાર્ટીંગ કામ અંદાજીત વાર્ષિક રૂ.૫૫ લાખના કામ માટે ટેન્ડર ફીનું અલગ કવર અને ઇ.એમ.ડીનું અલગ કવર તૈયાર કરી બંને કવર એક જ કવરમાં મૂકી તથા અન્ય કવરમાં જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ બપોરના ૧૬.૦૦કલાક સુધીમાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગરને રૂબરૂમાં અથવા RPAD થી પહોંચતુ કરવાનું રહેશે. અન્ય તમામ દસ્તાવેજો સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. અસલમાં ફક્ત ટેન્ડર ફી અને EMD ના ડીમાન્ડ ડ્રાફ્ટ જ મોકલવાના રહેશે. કવર ઉપર લાલ શાહીથી “બંધ બોડીના લોડીંગ વાહનો ભાડેથી મેળવવા અંગેનું ટેન્ડર” એમ સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનું રહેશે.
2. ટેક્નીકલ બીડ સાથે ટેન્ડર ફી પેટે રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) તથા અર્નેસ્ટમનીની ડીપોઝીટ પેટે રૂ.૧,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પાસઠ હજાર પૂરા) આમ બંન્નેનો ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. જેમનું ટેન્ડર પ્રીલીમીનરી સ્ટેજમાં મંજૂર નહિ થાય તેમણે અર્નેસ્ટમનીની રકમ માંગણી કર્યેથી અને નાણાં જમા કરાવ્યાની અસલ પહોંચ રજુ કર્યેથી રીફંડ આપવામાં આવશે. જેમનું ભાવપત્રક મંજૂર થશે તેમણે તે તારીખથી દિન-૭માં સિક્યોરીટી ડિપોઝીટની રકમ રૂ.૨,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પંચોતેર હજાર પુરા/-) નો DD /FDR/ બેન્ક ગેરન્ટી ૩૦ માસની મુદતની રજુ કરવાની રહેશે અને ઠરાવેલ નમૂનામાં એટલે કે બોર્ડની કચેરીએ નક્કી કરેલી શરતો અનુસાર કરારનામું જરૂરી રકમના સ્ટેમ્પ ઉપર કરી આપવું પડશે. તેમ ન કરનાર બીડરની EMD જપ્ત કરવામાં આવશે. આ અંગેનો સમગ્ર ખર્ચ વાહન કોન્ટ્રાક્ટરે ભોગવવાનો રહેશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ કામ સંપૂર્ણ અને સંતોષકારક રીતે પૂરું થતા માંગણી કર્યેથી રીફંડ આપવામાં આવશે. ભાવપત્રક મંજૂર થયા બાદ સિક્યોરીટી ડિપોઝીટની રકમ આપવા તજવીજ ન કરે તો તેવા બીડરની EMDની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે.
3. ટેન્ડરમાં દર્શાવેલ પ્રકારના વાહનો પુરા પાડી શકે તેવા ઇજારદારો જ આ ટેન્ડર ભરી શકશે.
4. ઇજારદારશ્રી પાસે ઓછામાં ઓછી ૫ નંગ ટ્રકો બંધ બોડીના લોડીંગ વાહન સારી હાલતમાં હોવી જરૂરી છે. તેમજ ગાડીઓ ચાલુ હાલતમાં છે તેવું પ્રમાણપત્ર RTO દ્વારા મેળવેલુ હોવુ જોઇએ.
5. ઓનલાઇન ભાવપત્રક / ટેન્ડર ભરતાં પહેલાં ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી લેવી તથા તે સાચી રીતે બરાબર સમજ્યા બદલની દરેક પાને ટેન્ડર ભરનાર એજન્સી / ઠેકેદારે સહી કરવાની રહેશે. ભાવ ભરનાર ઇચ્છુક એજન્સી / સંસ્થાએ આ સાથે સામેલ સિડ્યુલમાં અંગ્રેજી ભાષામાં ઓનલાઇન ફોર્મેટમાં ભાવો ભરવાના રહેશે.
6. ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ દસ્તાવેજો, ટેન્ડર ફી અને EMD અસલમાં રજુ કરવાની રહેશે.
7. બીડરે છેલ્લાં ૩ વર્ષ (૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦) ના ટર્નઓવર માટે સી.એનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જેમાં છેલ્લાં બે વર્ષ પૈકી કોઇ એક વર્ષનું ટર્નઓવર ટેન્ડરમાં દર્શાવેલ કુલ કિંમતના ઓછામાં ઓછા ૫૦% રકમ જેટલુ હોવું જોઇશે.

8. ભાવપત્રકમાં તમામ પ્રકારના વેરા તથા પાર્સલ ચઢાવવા, ઉતારવવાના મજૂરી સહિતના ભાવ દર્શાવવાના રહેશે. GST અલગથી ચુકવવામાં આવશે.
9. ભાડે રાખેલ વાહનને કોઇપણ પ્રકારનું નુક્શાન કે અકસ્માત થશે તેના માટે બોર્ડ બિલકુલ જવાબદાર રહેશે નહિ અને બોર્ડના કાર્યમાં વિક્ષેપ પડે નહિ તે હેતુથી તાત્કાલિક અન્ય વાહનની વ્યવસ્થા કરી આપવાની રહેશે. જેના માટે બોર્ડ તરફથી કોઇ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહિ.
10. જેમનું ભાવપત્રક મંજૂર થશે તેમણે તે નક્કી થયેલ કામગીરી અર્થે લેખિત ટેલીફોન, E-mail, Fax કે SMS થી જાણ કરી બોલાવવામાં આવે તુરંત જ આવવાનું રહેશે. સામાન્ય સંજોગોમાં એક દિવસ પહેલાં જાણ કરવામાં આવશે. બોર્ડના અધિકૃત અધિકારી જણાવે તે મુજબના અને એ સમયે જરૂરી વાહનો પુરા પાડવાના રહેશે અને લેખિત હુકમ પણ મેળવવાનો રહેશે. પરંતુ અસાધારણ સંજોગોમાં તાત્કાલિક વાહન મોકલવાનું રહેશે. અને સુચવ્યા પ્રમાણે મુદતની અંદર કામગીરી કરી આપવાની રહેશે. જો આમ કરવામાં ઠેકેદાર નિષ્ફળ જશે તો બોર્ડ અન્ય ઠેકેદાર મારફતે કામ કરાવી લેશે અને તેનાથી બોર્ડને જે કોઇ નુકશાન થશે તેનો ખર્ચ મૂળ ઠેકેદાર પાસેથી વસૂલ લેવામાં આવશે ટ્રાફીકના નિયમોનુસાર બોર્ડ તરફથી જરૂરી પરવાનગી મેળવીને સફળ ઈજારદારને આપવામાં આવશે પરંતુ આ અંગે ટ્રાફીકના નિયમોનુસાર સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક શાખા કે સંબંધકર્તા જિલ્લા પોલીસ અધિકારીશ્રીની કચેરીની ટ્રાફીક શાખાને સફળ ઇજારદારના જે જે વાહનો સરકારી કામગીરીમાં વાપરવામાં આવનાર છે તેની યાદી અને વાહન રજીસ્ટ્રેશનની નકલો તેમજ અન્ય જે કોઇ કાગળો વાહનના રજીસ્ટ્રેશન અંગેના પરમીટ મેળવવા જરૂરી હોઇ તેવા તમામ કાગળો રજુ કરવાના રહેશે.
11. જણાવેલ સ્થળોએ પ્રશ્નપત્ર/ઉતરવહી લઇ જવામાં તથા લાવવામાં હેરફેર દરમિયાન કોઇ પણ નુકશાન કોન્ટ્રાક્ટરે પોતેજ ભોગવવાનું રહેશે.
12. બંધ બોડીના લોડીંગ વાહનો ભાડેથી મેળવવા અંગેનો કરાર બોર્ડ આદેશ આપે તે તારીખથી ૨ વર્ષ સુધીનો રહેશે. કામ સંતોષકારક ન લાગતા કરાર ગમે તે સમયે રદ કરવામાં આવશે. કરારની મુદત ગમે તે સમયે નોટીસ આપ્યા વગર રદ કરવાનો અબાધિત અધિકાર બોર્ડનો રહેશે. આ અંગે કોઇપણ કારણ આપવા બોર્ડ બંધાતુ નથી અને તે માટે કોન્ટ્રાક્ટર બોર્ડ પાસેથી કોઇપણ નુકશાન માગી શકશે નહિ.
13. પ્રશ્નપત્ર/ઉતરવહી બોર્ડના અધિકુત અધિકારીશ્રીના સૂચવ્યા પ્રમાણેની જગ્યાએ વ્યવસ્થિત રીતે ગોઠવી આપવામાં આવશે નહિ તો ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરના ખર્ચે આવા બંડલો વિગેરે ગોઠવી લેવામાં આવશે અને તેનો જે વાસ્તવિક ખર્ચ થશે તે કોન્ટ્રાક્ટરના બિલમાંથી કાપી લેવામાં આવશે.
14. બોર્ડની જરૂરિયાત પ્રમાણેના વાહનો બોર્ડ જણાવે તેવા સ્થળે પુરા પાડવાના રહેશે વાહન ભાડું જે સ્થળેથી વાહન ઉપડે ત્યાંથી જે સ્થળે વાહન મોકલવામાં આવે તે અંતર સુધીનું ભાડું ચુકવવામાં આવશે પરંતુ રીટર્ન ભાડુ ઇજારદારને ચુકવવામાં આવશે નહીં.

15. ટેન્ડરમાં મંજુર કરેલા ભાવ સિવાય અન્ય કોઈ ભાવ ફેરફાર સામાન્ય સંજોગોમાં આપવામાં આવશે નહિ. પરંતુ ટેન્ડરના સમયગાળા દરમ્યાન [વર્તમાનપત્રમાં આ ટેન્ડરની જાહેરાત પ્રસિધ્ધ થયેથી ટેન્ડરનુ આખરીકરણ ન થાય ત્યાં સુધી અર્થાત ઇજારદારે કોમર્શિયલ બીડમાં ભાવ ભરવાની ટેન્ડરની છેલ્લી તારીખે ડીઝલનો જે ભાવ અસ્તિત્વમાં હોય તેની સાપેક્ષમાં પોતાની કંપનીનાં ભાવો ભરવાનાં રહેશે તેમજ જે તે સફળ બીડર પોતાનો કોન્ટ્રાક્ટ સાઈન કરે તે સમયગાળા દરમ્યાન કેન્દ્રસરકાર તરફથી પેટ્રોલ/ડીઝલ/ઓઈલ વગેરેનાં ભાવોમાં ફેરફાર કરવામાં આવશે તો તેવા સંજોગોમાં ભાડાના દર/ભાવો અંગે નીચે મુજબ જણાવેલ ઉદાહરણ અનુસાર ચુકવણું કરવામાં આવશે.] આ અંગે બોર્ડના અધ્યક્ષશ્રી નિર્ણય લેશે. વધુમાં ઇજારદારશ્રી સાથે ટેન્ડર/કરારખત પુર્ણ થાય તે મુદ્દત દરમ્યાન જેટલી વખત ડીઝલ/પેટ્રોલમાં જે તારીખે ભાવ ફેરફાર થાય તે પ્રમાણે ભાવ ફેરફાર મંજુર થયેલ ભાડાંના દરમાં કરવામાં આવશે. હાલમાં ડીઝલ / પેટ્રોલમાં ભાવ ફેરફાર દરરોજ થાય છે તેથી આખા મહિનાનો એવરેજ ભાવ ફેરફાર બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે અને દર માસની ૧ (પહેલી) તારીખે તે ભાવ ફેરફાર (ભાવ વધ-ઘટ) નીચે જણાવેલ સુત્રના આધારે ગણવામાં આવશે. જે ઇજારદાર એજન્સીને માન્ય રાખવાનો રહેશે.

$0.40\ P \times (D1/D0) + 0.6\ P$

વાહનના પ્રતિ કિ.મી ભાવમાં ૪૦% ડીઝલ તથા અન્ય વેરીયેબલ ખર્ચ ગણવામાં આવ્યા છે. જ્યારે બાકીના ૬૦% અન્ય ફીક્સ ખર્ચ ગણવામાં આવ્યા છે.

P – કરાર વખતે બોર્ડ દ્વારા સ્વીકારવામાં આવેલ વાહનનો ભાવ કિ.મી. મુજબનો

D0 – કરાર વખતે ડીઝલનો ભાવ

D1 – વાહનના વપરાશ વખતે ડીઝલનો જે ભાવ હોય તે

ધારો કે ડીઝલનો ભાવ રૂ. ૫૫/- થાય અને બોર્ડ દ્વારા સ્વીકરવામાં આવેલ વાહનનો ભાવ કિ.મી દીઠ રૂ.૧૦/- ભાવ નક્કી કર્યો હોય તો તે નીચે મુજબ જણાવેલ સુત્ર પ્રમાણે ગણતરી કરી ડીઝલનો ભાવ કિલોમીટર પ્રમાણે ચુકવવામાં આવશે.

$0.40\ P \times (D1/D0) + 0.6\ P$

0.40 એટલે કે વાહનનો પ્રતિ કિ.મી. ખર્ચ = રૂ.૦.૪૦

P એટલે કે કરાર વખતે બોર્ડ દ્વારા સ્વીકારવામાં આવેલ વાહનનો ભાવ કિ.મી.મુજબ= રૂ.૧૦

D0 એટલે કે કરાર વખતે ડીઝલનો ભાવ = રૂ.૫૫

D1 એટલે કે વાહનના વપરાશ વખતે ડીઝલનો જે ભાવ હોય તે

૦.૬૦ એટલે વાહનના પ્રતિ કિ.મી. ભાવમાં ૬૦% અન્ય ફીક્સ ખર્ચ

૦.૪૦× ૧૦ × (૫૫/૫૦) + ૦.૬ × ૧૦

૪× ૧.૧ + ૬

૪.૪

૬.૦

૧૦.૪ (આ પ્રમાણે કિ.મી. દીઠ ભાવ ગણવામાં આવશે.)

16. કોન્ટ્રાક્ટરે પ્રશ્નપત્ર/ઉતરવહી ખેંચવા માટેના દર્શાવેલ દરોમાં ચઢાવવા ઉતારવા તેમજ ગોઠવી આપવાના ખર્ચનો સમાવેશ્ થાય છે. તેથી માલ બોર્ડના ગોડાઉન ઉપર અથવા બોર્ડના અધિકુત અધિકારીશ્રી સૂચના આપે તે સ્થળે જરૂરિયાત પ્રમાણે ગોઠવી આપવા કોન્ટ્રાક્ટર જવાબદાર છે. માલ ચઢાવવા ઉતારવવામાં જે તે બિલ્ડીંગના ગમે તેટલા માળનો સમાવેશ થાય છે.
17. ઇજારદારશ્રી દ્વારા પ્રશ્નપત્ર/ઉતરવહી લઇ જવાની સેવા નિષ્ફળ જવાની શક્યતા ઊભી થતાં અન્ય ઇજારદારશ્રી પાસેથી સદર કામગીરી કરાવવાનો અધિકાર અધ્યક્ષશ્રી પોતાની પાસે અનામત રાખે છે. તે બદલ થતો વધારાનો ખર્ચ કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરવામાં આવશે.
18. ઉપર જણાવેલી શરતોનું આખરી અર્થઘટન કરવાની સત્તા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની રહેશે. ઉપર જણાવેલી શરતોમાંથી તથા અર્થઘટનમાંથી કોઇપણ વિવાદ ઉપસ્થિત થાય તો અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનો નિર્ણય છેવટનો રહેશે અને કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.
19. મુદત બહાર આવેલ અને ઠરાવેલ નમૂનામાં ન હોય તેવી અધૂરી હકીકતવાળા અને છેકછાક થયેલ તથા અર્નેસ્ટમની ભર્યા વિનાના ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહિ.
20. પરીક્ષાના પ્રશ્નપત્ર/ઉતરવહી ઝોન/પાલા કેન્દ્ર/મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર અને સંગણક કેન્દ્ર ઉપર લઇ જતાં કે પરત લાવતાં રસ્તામાં પડી જાય કે અન્ય નુકશાન થાય તો તેના માટે અધિકૃત અધિકારીશ્રી શિક્ષાત્મક પગલાં તરીકે જે દંડ કરશે તે કોન્ટ્રાક્ટરના બીલમાંથી કાપી લેવામાં આવશે અથવા તેઓએ દંડની રકમ બોર્ડને ભરપાઇ કરવાની રહેશે.
21. આર.ટી.ઓ તરફથી જે વાહનોને ફેરવવાની પરવાનગી આપી હોય તેવા વાહનો જ ભાડેથી આપવાના રહેશે. દરેક વાહનની આર.સી બુક, વિમાની પોલીસી, ફીટનેસ સર્ટિફીકેટ વગેરે વાહનમાં રાખવાના રહેશે. વાહનો સંપૂર્ણ વીમાથી સુરક્ષિત હોવા જોઇએ.
22. જો ભાડાંના વાહનો સારી હાલતમાં અને સમયમર્યાદામાં નહીં આવે તો બોર્ડ બહારથી ભાડાંનાં વાહનો કરશે અને બહારથી વાહનો કરવાનું જે ભાડું થશે તે કોન્ટ્રાક્ટરે આપવાનું રહેશે. તેમજ થયેલ વિલંબ અંગે ચુકવવા પાત્ર ભાડાંની રકમમાંથી દંડ પેટે ૦.૫% લેખે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરવામાં આવશે. આ દંડની રકમમાં વધ-ઘટ કરવાનો તમામ અધિકાર બોર્ડના માન.અધ્યક્ષશ્રી પાસે રહેશે. બહારથી વાહન કરવાનુ ભાડું અને નિયમ પ્રમાણે કોન્ટ્રાક્ટરને ચુકવવાના થતા ભાડાં નો તફાવત કોન્ટ્રાક્ટરના બીલ માંથી વસુલ કરવામાં આવશે.
23. ભાવપત્રક સાથે છેલ્લા ત્રણ વર્ષના આવકવેરો ભર્યાના રીટર્ન જોડવાના રહેશે.
24. સરકારી ઑડિટ વખતે એમ માલૂમ પડે કે નિયમથી વધુ રકમની ચુકવણી કરેલ છે તો તેવા પ્રસંગે જે તે વખતે માગણી થયેથી તેવી રકમ તાત્કાલીક બોર્ડમાં જમા કરાવવાની રહેશે.

25. ટેન્ડરની મુદત પૂર્ણ થયા બાદ બોર્ડને યોગ્ય જણાશે તો ત્યારે પછીના વધુમાં વધુ ૬ માસ માટે ટેન્ડરની મુદતમાં વધારો કરી શકાશે.

26. ભાડે મોકલેલ ટ્રક ચલાવવા માટે મોટર વાહન અધિનિયમ હેઠળ પાકું લાઈસન્સ ધરાવતા અનુભવી અને કાર્યદક્ષ ડ્રાયવરની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે. તેમજ વાહનના ડ્રાયવરનો ખર્ચ, ડીઝલ ખર્ચ, રીપેરીંગ ખર્ચ તથા આનુસંગિક ખર્ચની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. વાહનો/ટ્રકના નિયત થનાર ભાડા સિવાય અન્ય કોઇ રકમ બોર્ડ કોન્ટ્રાક્ટર ને ભરપાઇ કરશે નહીં.

27. કામગીરીના સમય દરમ્યાન કુદરતી / અકુદરતી આપત્તિમાંથી થતાં નુકશાની તથા કોન્ટ્રાક્ટરના વાહનને અકસ્માત નડે તો વાહનના ડ્રાઈવરને થયેલ ઇજા / મૃત્યુ તથા ગાડી / ટ્રક / વાહનને જે કાંઇ નુકશાન થાય કે થર્ડ પાર્ટીને જાન કે માલનું નુકશાન થાય તો તે અંગેની (એમ.એ.સીટી) ક્લેઇમ સહિતની તથા આર.ટી.ઓ.ના નિયમો અંગેની તમામ કાયદાકીય અને નાણાકીય જવાબદારીઓ કોન્ટ્રાક્ટરની રહેશે. આવા અકસ્માતના કારણે બોર્ડના કોઇ કર્મચારી / અધિકારીને નુકશાન થાય તો તે કોન્ટ્રાક્ટરે ભરપાઇ કરવાનું રહેશે.

28. છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન સરકારી કે ખાનગી કાર્ટીંગ કામ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય તે અંગેનું સક્ષમકક્ષાએથી મેળવેલું પ્રમાણપત્ર આ ટેન્ડરમાં ભાગ લેનાર ઈજારદારશ્રીએ રજુ કરવાનું રહેશે.

29. ગાંધીનગર – અમદાવાદ સિવાય માટે દૈનિક ૩૦૦ કી.મી.નું લધુત્તમ ભાડું બોર્ડ જણાવે તે જગ્યાએ વાહન આપવાના સમયથી ૧૨.૦૦કલાક કરતાં વધુ સમય વાહન વપરાશમાં રહે તો મુસાફરીના રાત્રીનાં ૧૨.૦૦કલાક બાદ બીજો દિવસગણી ભાડું ચુકવવામાં આવશે.

30. કોઇપણ જાતનું શરતી ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં અને આવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

31. જે બીડરના ભાવ સ્વીકારવામાં આવશે. તે પછીના ક્રમમાં ભાવ આપનાર બે બીડર સિવાયના અન્ય બીડરની EMD પરત કરવામાં આવશે. જેમના ભાવ સ્વીકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે બિડરોની EMD તે બીડર જરૂરી સિક્યુરીટી ડીપોઝિટ જમા કરાવી કરારખત કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.

32. બોર્ડને મળેલા ટેન્ડર, ઠેકેદારો અગર તેમના પ્રતિનિધિઓની હાજરીમાં નિયત કરેલ સમયે બોર્ડ અથવા બોર્ડના અધિકૃત અધિકારી જણાવે તે સ્થળે અધિકૃત અધિકારીની હાજરીમાં ખોલવામાં આવશે. રસ ધરાવતાં ઠેકેદારો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહેવાની ઇચ્છા ધરાવતાં હોય તો તેઓ હાજર રહી શકશે, અને તે અંગેની ઓથોરીટી આપવાની રહેશે. **Qualification Criteria** માં ક્વૉલીફાઇડ થયેલ બિડરના જ ફાયનાન્સીયલ બીડ ખોલવામાં આવશે.

33. જો ઠેકેદાર અગર તેમના પ્રતિનિધિ હાજર હશે નહી તો બોર્ડ અધિકૃત અધિકારી તે અંગે રોજકામમાં યોગ્ય નોંધ લઇ તેમના ટેન્ડરો ખોલવા અને ભાવોની નોંધ લેશે, જે તે ઠેકેદારને બંધનકર્તા રહેશે.

34. બંધ બોડીના લોડીંગ વાહન પુરા પાડવાની કામગીરી માટે બોર્ડના અધિકૃત અધિકારીની મૌખિક કે લેખિત સુચના આખરી ગણાશે.

35. ઇજારદારએ તેમને સુપ્રત કરવામાં આવેલી કામગીરી નિયતસમય મર્યાદામાં પુરી કરવાની રહેશે. તેમાં કસૂર થયે બોર્ડ ઇજારદારના ખર્ચ અને જોખમે જરૂર પડે વધારે ભાવ ચુકવીને પણ કામગીરી પુરી કરાવશે. અને તે અંગેની સઘળી જવાબદારી ઇજારદારની રહેશે. જે વધારાનો ખર્ચ થાય તે ઇજારદાર બોર્ડને આપવા બંધાયેલ રહેશે.

36. કોઇપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**સચિવ**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર**

**સ્થળ : ગાંધીનગર**

**તારીખ :**

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

**E-Tender No. 56 / Tender for hiring closed body loading vehicles/2021-22**

## Qualification Criteria

| Description | | | | |
|---|---|---|---|---|
| 1 | Copy of Tender Fees Rs.5000 /- (Rs Five thousand Only) only in form of a crossed demand draft drawn on any Nationalized Bank payable at Gandhinagar to Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar. | Yes | No | Page No |
| 2 | Copy of Earnest Money Deposit Rs. 1,65,000/- (Rs. One lakhs Sixty five thousand only) only in form of a crossed demand draft drawn on any Nationalized Bank payable at Gandhinagar to Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board , Gandhinagar. | | | |
| 3 | Copy of Income Tax Returns – Last Three Years. | | | |
| 4 | Copy of PAN allotted by Income Tax Department. | | | |
| 5 | Copy of Work Experience Certificate. | | | |
| 6 | Copy of Certified scan copy of owner of own 5 Nos. of vehicle for loading truck along with R.C Book, Insurance policy, fitness certificate | | | |
| 7 | Copy of Details of Tenderer in prescribed format (Annex-A) | | | |
| 8 | Copy of No default Declaration on Rs. 300/- Stamp Paper (Annex – B) | | | |
| 9 | Copy of Turnover Certificate duly certified by C.A. for Last three years in prescribed format (Annexure – C) | | | |
| 10 | Copy of Audited Balance Sheet for Last Three Years. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 11 | Copy of Company Registration Certificate if applicable | | | |
| 12 | Copy of certificate RTO certified | | | |
| 13 | Copy of GST Registration | | | |
| **N.B. :- All photocopies of documents must be self attested only** | | | | |
| **Provide copy of any other documents related to Tender.** | | | | |

## DECLARATION

We solemnly declare that we have attached all the documents mentioned here above and mentioned in the tender. We also understand that non – compliance of any documents will be treated as non respective tender and we will loose our claim to participate in the tender enquiry automatically and our tender will be liable to rejected.

**Signature of Authorized Person**

**Name of the Authorized Person**

**Seal of the Company**

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

**E-Tender No. /Tender for hiring closed body loading vehicles/2021-22**

| | |
|---|---|
| Department Name | Education Department |
| Office | Gujarat Secondary and Higher Secondary Education Board, Sector – 10-B, Gandhinagar |
| IFB No. | E-Tender Notice No. /Carting/ |
| Name of Work | E-Tender No- Comprehensive Annual Rate Contract Hiring for Loading Truck |
| Estimated Contract Value (INR) | Rs. 55,00,000/- (Rs. Fifty five lakhs only) |
| Contract Validity of Tender (In Months) | 04 Months |
| Bidding Type | E-Tendering |
| Bid Call (Nos.) | 1 |
| Tender Currency Settings | Indian Rupees (INR) |
| Amount Details | ---------- |
| Bid Document Fee | Rs.5000/- (Five thousand Only/-) |
| Bid Document Fee Payable to | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Bid Security - EMD | Rs. 1,65,000/- (Rs. One lakhs Sixty five thousand only) |
| Bid Security / EMD in favors of | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Online Bid Document Downloading Starting Date | Date. 23/11/2020 to at 11.00 Hrs |
| Online Bid Document Downloading Ending Date | Date. 14/12/2020 to at 16.00 Hrs |
| Last Date and Time for Physical (Submission) of Bids | Date. 15/12/2020 to at 16.00 Hrs |
| Bid Validity Period | 120 Days |
| Remarks | Tender Documents for Downloading / Uploading will be available as under on our Website www.gseb.nprocure.com or www.nprocure.com upto Dt. 14/12/2020 upto 16.00 Hrs.. Demand Draft for Tender Fee and EMD shall be submitted on electronic format only On-line by scanning while uploading the Bid. The documents regarding pre-qualifying criteria shall be opened first, submit original |

| | |
|---|---|
| | Tender Fee, EMD, required documents and papers in Stores Branch of above mentioned office and obtain a Receipt. Technical Bid of only those will be opened who have submitted original Tender Fee, EMD, required documents, self-attested and papers as per said tender conditions. The price bid of the agencies fulfilling the pre-qualifying criteria / technical bid criteria as per said tender conditions shall be opened. The submission shall mean that EMD and Tender Fee are received for the purpose of opening of Bid. Accordingly, offers, of those shall be opened whose EMD and Tender Fee along with required self-attested documents are received physically. However, for the purpose of realization of DD bidder shall send the DD / Pay Order of Tender Fee ,EMD and other documents daily signed with and stamp, shall be submitted to Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No. 10/B, Gandhinagar on Dt. 15/12/2020 up to 16.00 Hours Panitive action will be take for not submitting the said documents. For further details and submission of Tender, please visit our website mentioned above. Preliminary Stage will be opened on Dt. 16/12/2020 at 11.00Hrs in the Office of the Committee Room of Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10/B, Gandhinagar. |
| Preliminary Stage Opening Date | Date. 16/12/2020 at 11.00 Hrs |
| Office Inviting Bids | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Bid Opening Authority | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Address | 1st Floor, Committee Room, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Contact No. | 079-232-53830 |

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

E-Tender No. 56 / Tender for hiring closed body loading vehicles/2021-22

## ANNEXURE – A

## DETAILS OF TENDERER / BIDDER

| | Details | | |
|---|---|---|---|
| 1 | Name of the Bidder | | |
| 2 | Address of Registered Office | | |
| 3 | Address of Working Place of the Office | | |
| 4 | Year of Establishment | | |
| 5 | Type of Firm (Ownership, Partnership, Pvt. and Ltd. Co.,) | | |
| 6 | Name, Address and Telephone No. of Board of Directors of the Company / Pvt. Ltd., and Ltd. Co./ Partnership / Ownership. | | |
| | Phone No. with STD Code of Office and Residence | | |
| | Office / Regd. Office Address | | |
| | Residence Address | | |
| | Mobile No. | | |
| | E-mail Address and / or Website Address | | |
| 7 | Details of Tender Fee / Bid Processing Fees and EMD | | |
| | **Tender Fees** | | |
| | (A) Amount (in Rs) | | |
| | (B) Demand Draft No. and Date | | |
| | (C) Name of Bank and Branch | | |
| | **Earnest Money Deposit (EMD)** | | |
| | (A) Amount (in Rs) | | |
| | (B) Demand Draft No. and Date | | |
| | (C) Name of Bank and Branch | | |
| 8 | Whether the bidder has been Black listed by any Govt., or Semi Govt. organization or any | | |

| | | | |
|---|---|---|---|
| | Educational Organization? (Yes or No) | | |
| | If No, submit the Self Declaration in given format (Annexure – B) | | |
| 9 | Total Annual Turnover for the Last Three Years (Enclose copies of C.A. Certificate) (As per Annexure – C) | | |
| | 2017 - 2018 | | |
| | 2018 - 2019 | | |
| | 2019- 2020 | | |
| 10 | Permanent Account No.(PAN NO) (Enclose certified copies of PAN Card) | | |
| 11 | GST Registration No. (Enclose a certified copy of Registration Letter) (If Applicable) | | |

Note: For giving above details, attach separate sheet if required.

**Name and (Signature of Authorized)**

**Person stamp and seal of the company / firm**

**Place :**

**Date :**

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

E-Tender No. 56 / Tender for hiring closed body loading vehicles/2021-22

ANNEXURE – B

On Rs.300/- Stamp Paper

DECLARATION

I ____________________ do hereby declare that our firm is not debarred or disqualified or black listed by any Government of any State, Board or such Organization. GS & HSEB is entitled to forfeit our security deposit in case of any such information coming to the notice of the GS & HSEB.

I further undertake that if above declaration in proved to be wrong / incorrect or misleading our tender / contract will stand cancelled / terminated.

Name and (Signature of Authorized)

Person stamp and seal of the company / firm

Place :

Date :

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

E-Tender No. 56 / Tender for hiring closed body loading vehicles/2021-22

## ANNEXURE – C

## PARTICULARS OF TURNOVER

Name of the Bidder :

Particulars of turnover in the previous year as per audited accounts:

| Financial Year | Total Turnover<br><br>( In Rs. and with words) |
|---|---|
| 2017 - 2018 | |
| 2018 - 2019 | |
| 2019 - 2020 | |

It is certified that above details are correct / fair and audited by the chartered accountant and submitted with the signature of C.A and with his seal and stamp.

Signature of Chartered Accountant

Name and Signature of With Stamp Authorized Person

Place : Seal and stamp of company / firm

Date :

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD

GANDHINAGAR

E-Tender No. 56 / Tender for hiring closed body loading vehicles/2021-22

## PRICE BID

Name of the Bidder : ___________________________________

Address of the Bidder : __________________________________________

__________________________________________

| Item Code | Details | Hiring closed body Loading truck 2 Ton | Hiring closed body Loading truck 2.5 Ton | Hiring closed body Loading truck 6 Ton | Hiring closed body Loading truck 9 Ton |
|---|---|---|---|---|---|
| A-1 | Rate Per km except Ahmedabad and Gandhinagar Minimum 300km | | | | |
| A-2 | Rate Per km For Ahmedabad and Gandhinagar Minimum 100km | | | | |
| A-3 | Rate Per km For internal Gandhinagar Minimum 50km | | | | |

Name and (Signature of Authorized)

Person stamp and seal of the company / firm

Place :

Date :